બનાસકાંઠામાં વધુ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો પ્રકોપ યથાવત રહ્યો છે. જ્યાં શુક્રવારે વધુ ૧૬ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસાદ, પાલનપુર ૫, વગદા ૧, જુના ડીસા ૧, ધાનેરા ૨, શિહોરી ૨ પોઝિટિવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૭૪ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શુક્રવારે વધુ ૧૬ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસાદ, પાલનપુર ૫, વગદા ૧, જુના ડીસા ૧, ધાનેરા ૨, શિહોરી ૨ પોઝિટિવ કેસ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૭૪ પહોંચી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા મથક પાલનપુર અને વેપારી મથક ડીસામાં વધતાં જતાં કોરોનાના પ્રકોપને લઈ જિલ્લા કલેકટર દ્વારા બન્ને શહેરો સાંજે ૪ વાગ્યા સુધી ખુલ્લા રાખવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. જોકે, પ્રથમ દિવસે તેનો કડક અમલ થયો હતો. ડીસામાં પોલીસને જોઈને વેપારીઓ દુકાનો બંધ કરતા હતા.

અરવલ્લીના ચોસઠ ગામોની કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્તિ

મોડાસા શહેરના ૨૪ અને બાયડના ૨ વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી બહાર

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતા ૨૫૦ થી વધુ કેસ નોંધાયા છે. જેને લઇ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ જે વિસ્તારોમાં કોરોનાના પ્રભાવ ઓછો થયો છે તેવા જિલ્લાના ૬૪ ગામો અને ૨૬ શહેરી વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્ત કરાયા છે.

કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જિલ્લામાં ૧૮૦ થી વધુ નિયંત્રિત વિસ્તાર નક્કી કર્યા હતા, આવા વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર થર્મલ સ્કીનીંગ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો આવ્યા હતા. આ વિસ્તારોમાં ૨૮ દિવસ સુધી આરોગ્ય વિભાગ દ્વારા લોકોના ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને આવશ્યક ચીજવસ્તુઓની હોમ ડિલીવરી થાય તેના પર ખાસ ભાર મુકાયો છે.

જેમાંજિલ્લાના કોરોના પ્રભાવ ઓછો છે તેવા બાયડ તાલુકાના ૭, ભિલોડાના ૧૪, ધનસુરાના ૧૨, મેઘરજના ૯, માલપુરના ૨ અને મોડાસાના ૨૦ મળી કુલ ૬૪ ગામોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્તિ આપવામાં આવી છે. જયારે બાયડ શહેરના ૨ અને મોડાસા શહેરના ૨૪ વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી બહાર મુકવામાં આવ્યા છે.

ડીસા અને જુનાડીસામાં મળી વધુ ૪ કોરોના પોઝેટિવ આવતા ફફડાટ

ડીસા, તા. ૧૦

ડીસામાં એક પછી એક દિવસ કોરોના પોસેટિવના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.

જેના પગલે શહેરીજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે તેમજ જીલા કલેકટર દ્વારા વધતા જતા કોરોનાના કેસ લઈ નવું જાહેરનામું પણ અમલી બનાવવામાં આવ્યું છે જેમાં સવારે સાતથી સાંજે ચાર વાગ્યા સુધી જ બજાર ખુલ્લુ રાખવાના આદેશ કરવામાં આવ્યા છે તેમ છતાં પણ ડીસામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે જેમાં શુક્રવારે વધુ ચાર કેસ સામે આવતા ભય વચ્ચે દોડધામ મચી જવા પામી છે.

બાયડ આશ્રમને પરિવાર સાથે મિલન કરાવવામાં સફળતા મળી

બાયડ, તા. ૯

એક બાળકની માતા લહેરી (મીના) ૭ મહિનાથી (રાજસ્થાન) ઉદયપુર જિલ્લાના દેવલા ગામથી ગુમ થયા હતા.

માનસિક વિકલાંગ બહેન જલારામ સેવા ટ્રસ્ટથી ૧૮૧ મહિલા અભયમ દ્વારા જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ બાયડ સંચાલિત મંદ બુદ્ધિના (દિવ્યાંગ) બહેનોના આશ્રમમા ૨૪/૧/૨૦૨૦ના રોજ લાવવામાં આવ્યા હતા. આશ્રમમાં હાલ ૧૪૩ બહેનો આશ્રય લઈ રહ્યા છે. આશ્રમના પ્રમુખ અશોકભાઈ જૈન, ટ્રસ્ટીઓ અને સેવા સાથી સ્ટાફના લાગણીભર્યા વ્યવહાર, પ્રેમ, હૂંફ તથા ડો. પ્રણવ શેલાતની મેડિકલ ટ્રીટમેન્ટથી લહેરીબેન (મીના)ની માનસિક સ્થિતિમાં સુધારો આવતા પોતાના ઘર નું સરનામું યાદ કરતા ઉદયપુર પોલીસના સહકારથી પરિવાર સાથે સંપર્ક કરવામાં સફળતા મળી અને પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો. તેમના ભાઈ, દેવર તેમને લેવા માટે ૮/૭/૨૦૨૦ના રોજ આશ્રમ આવ્યા. લહેરીબેનની આખોમાં પરિવાર મળ્યાનો આંનદ દેખાતો હતો.

વાવની માલસણ માઈનોર કેનાલમાં ૧૫ ફૂટનું ગાબડું, કૃષિપાક પાણીમાં ગરકાવ

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠાની કેનાલોમાં ગાબડાં પડવાનો સિલસિલો યથાવત છે. આજે સવારે વાવની માલસણ માઈનોર કેનાલમાં ગાબડું પડ્યુ હોવાનું સામે આવ્યુ છે. માઈનોર કેનાલમાં ૧૫ ફૂટનું ગાબડું પડતાં હજારો ક્યુસેક પાણીનો બગાડ થયો હતો. ગાબડાંને કારણે સ્થાનિક ખેડૂતોના અંદાજીત બે એકર કરતા વધુ પાકમાં પાણી ફરી વળતાં નુકશાન થયુ હોવાનું સામે આવ્યુ છે.

બનાસકાંઠા જીલ્લાના વાવની માલસણ માઈનોર કેનાલમાં ગાબડું પડતાં કૃષિપાકને નુકશાન થયુ છે. આજે સવારે માલસણ માઈનોર કેનાલમાં ૧૫ ફૂટનું ગાબડું પડતાં ખેડૂતો માટે ભારે મુશ્કેલી સર્જાઈ હતી. સ્થાનિક ખેડૂત ગણેશભાઈ પટેલના ખેતરમાં કેનાલામ પાણી ફરી વળતાં તેમને મોટું નુકશાન થયુ છે. આ તરફ ખેડૂતોનો આક્ષેપ છે કે, હલકી ગુણવત્તાની કામગીરી અને સાફ-સફાઈના અભાવે કેનાલોમાં વારંવાર ગાબડાં પડી રહ્યા છે.

અરવલ્લીમાં જળઅભિયાનથી ૩૮.૬૪ મિલિયન ઘનફૂટ પાણીની સંગ્રહશક્તિમાં વધારો થશે

જિલ્લામાં જળ સંચયના કામો પૂર્ણ થતા ૧૦.૯૪ ઘનમીટર માટીની ઉપલબધિ થઇ

મોડાસા, તા. ૧૦

સમગ્ર રાજયમાં સુજલામ-સુફલામ જળ અભિયાનના તૃતીય તબક્કામાં જળસંચયના કામોમાં જે.સી.બી.,ટ્રેકટર-ડમ્પરનો ઉપયોગ થકી રાજયની જનશક્તિએ વિરાટ પુરૂષાર્થ આદરતા જળ સંચયના કામો શરૂ કરાયા હતા જેનાથી પાણીના તળ ઉંચા આવતા જિલ્લાના કેટલાય તાલુકાઓ ડાર્કઝોનમાંથી બહાર આવી શક્યા છે જળશક્તિનું આ અભિયાન અરવલ્લી જિલ્લામાં હાથ ધરી ૧૨૦૦થી વધુ કામો પૂર્ણ કરાયા છે.

સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત અત્યાર સુધી ચેકડેમ, ડીસીલ્ટીંગ, નહેરોની સફાઈ, ચેકડેમ, ચેકડેમ રિપેરીંગ, તળાવ, વનતલાવડી અને રેઈન વોટર હાર્વેસ્ટીંગ સહિતના ૧૨૮૪ વધુ કામ હાથ ધરાયા હતા. જેમાં જળસંપતિના ૮૮૧ કામો, પાણી પુરવઠાના ૪૬, વન અને પર્યાવરણના ૬૯, વોટર શેડના ૨૨, શહેરી વિકાસ નગરપાલિકાના ૪ અને ગ્રામ વિકાસના ૧૦૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના થકી ૧૦.૯૪ લાખ ઘન મીટર માટીના જથ્થાની ઉપલબ્ધિ થઈ અને જળ સંચય થકી ૩૮.૬૪ મીલીયન ઘનફૂટ પાણીની સગ્રંહ શક્તિમાં વધારો થશે.

ડીસાની ટ્રેડિંગ પેઢીમાં ફૂડ વિભાગનો દરોડો, ખાદ્ય તેલના નમૂના ચકાસણી અર્થે લીધા

બનાસકાંઠા જિલ્લાના નકલી ચીજ વસ્તુઓ મામલે કુખ્યાત વેપારી મથક ડીસામાં એક જાણીતી ટ્રેડિંગ પેઢી ઉપર ફૂડ વિભાગે આકસ્મિક દરોડો પાડી તેલના નમૂના ચકાસણી અર્થે લીધા હતા.

ડીસામાં છેલ્લા ઘણાં સમયથી નકલી ચીજ વસ્તુઓનો ગેરકાયદે ગોરખધંધો ધમધમી રહ્યો છે. જેમાં ભેળસેળીયા વેપારીઓ ખાદ્ય ચીજ વસ્તુઓમાં પણ ખુલ્લેઆમ ભેળસેળ કરે છે અને પછી જાણીતી કંપનીઓના લેબલ લગાવી વેચે છે. તેમાં પણ નકલી ઘી તેલ તો બનાસકાંઠા માં જ નહીં પણ છેક રાજસ્થાનના ગામડાઓમાં પણ વેચાય છે. જે થોડું સસ્તું હોઈ આમપ્રજા ખરીદે છે અને પેટના અવનવા રોગોની ભોગ બને છે ત્યારે જાણીતી બ્રાન્ડેડ કંપનીઓની ફરિયાદના આધારે ફૂડ વિભાગે ગુરુવારે ડીસાના રિસાલા બજારમાં આવેલ દશરથલાલ પોપટભાઈ મોદીની પેઢી ઉપર આકસ્મિક દરોડો પાડ્યો હતો અને અંકુર તથા ડબલ સેર નામના ખાદ્ય તેલના નમુના લઈ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલ્યા હતા જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે તેમ ફૂડ વિભાગની ટીમે જણાવ્યું હતું. દરોડાના પગલે ભેળસેળીયા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

ડીસા તાલુકા પોલીસે વિદેશી દારૂ ભરેલી રીક્ષા સાથે એક ઝડપાયો

દારૂ તેમજ રીક્ષા મળી કુલ રૂપિયા ૧.૧૫ લાખના મુદામાલ ઝડપ્યો

ડીસા તાલુકા પોલીસે કુચાવાડા નજીકથી દારૂની હેરાફેરી કરતી રીક્ષા સાથે એક શખ્સની અટકાયત કરી રૂપિયા ૧,૧૫,૬૦૦ નો મુદામાલ ઝડપી પાડ્યો હતો.

પાથાવાડા થી કુચાવાડા તરફ આવી રહેલ ગ્ત-૦૮-છફ-૨૬૭૧ નંબરની રીક્ષામાં વિદેશી દારૂ આવતો હોવાની બાતમી ઝેરડા આઉટ પોસ્ટના હે.કો. દેવાભાઇ કરમટા ને મળી હતી. આથી એએસઆઈ પરેશભાઈ ચૌધરી સહિત ના સ્ટાફે કુચાવાડા ટોલનાકા નજીક વોચ ગોઠવી હતી. જેથી બાતમી મુજબની રીક્ષા આવતાં પોલીસે રોકાવી તેમાં તપાસ કરતાં રીક્ષાની સીટ નીચેથી રૂપિયા ૧૫,૬૦૦ ની કિંમત ની ૨૬ બોટલ તેમજ રૂપિયા એટ લાખની કિંમત ની રીક્ષા સહિત રૂપિયા ૧,૧૫,૬૦૦ ના મુદામાલ સાથે કાળાભાઈ ઉર્ફે સુરેશભાઈ અંબારામભાઈ રાવળ (રહે, રોબસ મોટી, તા. ડીસા) ને ઝડપી વધુ તપાસ એએસઆઇ પરેશભાઈ ચૌધરી ચલાવી રહ્યા છે.

હિંમતનગરમાંથી પકડાયેલા વાહન ચોરે ત્રણ ગુનાની કબુલાત કરી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર તથા અરવલ્લી જિલ્લામાંથી મળી ત્રણ બાઈકની ચોરી કરનાર પ્રાંતિજ તાલુકાના શાંતિપુરા ગામના એક શખ્સને મંગળવારે એલસીબીએ હિંમતનગરના ગીરધરનગર વિસ્તારમાંથી ઝડપી લઈ પુછપરછ કરતા તેણે ત્રણ બાઈકની ચોરી કરી હોવાની કબુલાત કરતા પોલીસે રૂ. ૬૨ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ માટે હિંમતનગર બીડીવીજન પોલીસને હવાલે કર્યો છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે તેમનો સ્ટાફ હિંમતનગરના ગીરધરનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે પુલ નીચે પ્રાંતિજ તાલુકાના શાંતિપુરા ગામનો સુરેશસિંહ ચેહરસિંહ રાઠોડ નામનો શખ્સ હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરાયેલુ બાઈક નં. જીજે.૦૯.એ.જે.૫૨૨૭ લઈને ઉભો હતો જેથી પોલીસને શક જતા તેની પુછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે તેની અટકાયત કરતા પહેલા કોરોનાના ટેસ્ટ કરાવ્યા હતા. જે નેગેટીવ આવ્યા બાદ પોલીસે તેની વધુ પુછપરછ હાથ ધરી હતી.

ધનસુરા તાલુકાના ધામણીયા ગામે કરંટથી ૧૭ વર્ષીય કિશોરનું મોત

ધનસુરા તાલુકાના ધામણીયા ગામે કરંટ લાગતા ૧૭ વર્ષના કિશોરનું મોત થયું હતું. ધામણીયાના વિવેક દશરથભાઈ સોલંકી નામના કિશોરનું કરંટ લાગતા મોત થયું હતું. આ કિશોરની ઉ.૧૭ હતી. કિશોરના મોતથી ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી. વિવેકને મંગળવારે સાંજે પોતાના ઘર પાસે આવેલા ગલ્લા પાસે કોઈ જગ્યાએ કરંટ લાગ્યો હતો. બાળકને તાત્કાલિક સારવાર માટે ધનસુરા સી.એચ.સી ખાતે લાવવામાં આવ્યો હતો. હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ખેડબ્રહ્મામાં એક કલાકમાં ૧૮ મીમી વરસાદ, નગરપાલિકાનું આગોતરુ આયોજન નિષ્ફળ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા શહેરમાં બુધવાર સાંજના વરસાદ ખાબક્યો હતો જેને લાઇ ખેડબ્રહ્માના નગર પાલિકા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા ડિઝાસ્ટસરની પોલ ખુલી ગઈ હતી.

ખેડબ્રહ્માના ભક્તિનગર સોસાયટીમાં સાંજના સમયે સતત પડેલા વરસાદ ના કારણે મકાનમાં પાણી ઘૂસી જય તે હદે પાણી ભરાયા સોસાયટીના લોકોના જણાવ્યા અનુસાર વધુ વાર વરસાદ ચાલુ રહ્યો હોત તો મકાનોમાં પાણી ફરી વળતા સોસાયટીની પાછળ કોટ કરેલ હોઈ પાણી જવાની નગરપાલિકા ધ્વારા કોઈ વ્યવસ્થા ના કરતા લોકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

જો વધુ વરસાદ પડે તો લોકોને મોટી મુશ્કેલી વેઠવાનો વારો આવશે.

શામળાજી-ગોધરા સ્ટેટ હાઈવે ખાડામાં ફેરવાતા વાહનચાલકોમાં આકોશ

માલપુર નગરના પ્રવેશદ્વારે ખાડારાજથી લોકોમાં રોષ

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ -૨૭ પર માલપુર નગર માંથી પસાર થતા હાઈવે પર મસમોટા ખાડાઓ પડી જતા માલપુરના પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે માલપુર નગરના નાના-મોટા વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે રોડ પર પડેલા ખાડાઓના લીધે અકસ્માતનો ભોગ બનતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

શામળાજી થી માલપુર-ગોધરા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં નં આવતા ડિસ્કો રોડથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે હજુ તો વરસાદ ખાબક્યો નથી ત્યાં શામળાજી થી માલપુર-ગોધરા સુધીનો સ્ટેટ હાઇવે અનેક જગ્યાએ ધોવાઇ ગયો છે. જેને લઇ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઇ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે. સોશ્યલ મીડિયામાં સ્ટેટ હાઇવે રીપેર કરવામાં આવેની માંગ પ્રબળ બની છે માલપુર નગરના પ્રવેશદ્વારે પડેલા મસમોટા ખાડાઓ થી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે વાહનચાલકો અને રાહદારીઓને માથે અકસ્માતનો ભય મંડરાતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ઉલ્લેખનીય છે કે, સ્ટેટ હાઇવે તંત્ર સમગ્ર મામલે ટોલ કોન્ટ્રાક્ટર ઉપર બધું ઢોળી રહી છે.

શામળાજી-મોડાસા રોડ પર પડેલા ખાડાઓ ને લીધે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા વાહનચાલકો છાસવારે પલટી જતા હોવાની સાથે અકસ્માતની ઘટનાઓ બનતા અનેક નિર્દોષ વાહનચાલકોએ જાન થી હાથ ધોવાના અને ઈજાગ્રસ્ત થવાની ઘટનાનો ભોગ ખાનગી કંપનીના પાપે બની રહ્યા છે મોડાસા-શામળાજી રોડ પર પડેલા ખાડાઓ અને ગાબડાં તાત્કાલિક પુરવામાં આવેની માંગ વાહનચાલકોમાં પ્રબળ બની છે.

અરવલ્લી જિલ્લા માં પસાર થતા સ્ટેટ તથા નેશનલ હાઈવે પર ચોમાસા ની શરુઆત થતા જ મસ મોટા ખાડા પાડવા ની શરુઆત થઈ ગઈ છે ત્યારે માલપુર નગર માંથી પસાર થતા મોડાસા ગોધરા સ્ટેટ હાઈવે પર પહેલા વરસાદે જ મોટા મોટા ખાડા પડયા છે રોડ પરથી રોજના હજારો નાના મોટા વાહનો પસાર થાય છે અગાઉ રોડ પર પડેલ ખાડાઓમાં વાહન ખાબકતા વાહન ચાલકો સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માતની અનેક ઘટનાઓ ઘટી છે ત્યારે રોડની આજુબાજુ ઉભા રહેતા ફેરિયાઓ,કેબીન ધારકો અને રોડની બાજુમાંથી પસાર થતા રાહદારીઓ માટે ખાડાઓ ઘાતક નીવડી શકે છે.

આખરે કેનાલ પટ્ટીના દબાણો દુર કરવાની શરૂઆત

પાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે એક મકાનને જમીન દોસ્ત કરી દીધુ : બાકીના અંદાજે વીસથી વધુ દબાણો દુર કરવા પાલિકાએ આખરી નોટીસ આપી

હિંમતનગર, તા.૧૦

હિંમતનગરમાં રહેતા ગરીબ પરીવારોને રહેવા માટે મકાન મળે તે માટે રાજ્ય સરકારની અનેકવીધ યોજનાઓ ચાલી રહી છે ત્યારે હિંમતનગર નગરપાલિકા દ્વારા કેનાલ પટ્ટી પર અંદાજે રૂ. ૨ કરોડના ખર્ચે રેનબસેરા બનાવવાનું આયોજન કરાયુ છે. જેથી પાલિકા હસ્તકની આ જમીન પર ગેરકાયદે બાંધકામ કરાયેલ અંદાજે ૨૦ થી વધુ મકાનો પૈકી મંગળવારે એક મકાનને જમીન દોસ્ત કરી દેવાયુ છે. જો કે અગાઉ પણ આવુ જ એક ગેરકાયદે મકાન તોડી પાડવામાં આવ્યું હતું.

ચોમાસુ પૂર્ણ થયા બાદ રેનબસેરાનું કામ શરૂ કરાશે

પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ કેનાલ પટ્ટી પર અંદાજે રૂ. ૨ કરોડના ખર્ચે અદ્યતન રેનબસેરા બનાવાશે પરંતુ સરકારની ગાઈડલાઈન્સ મુજબ અત્યારે ચોમાસુ ચાલી રહ્યુ હોવાથી દબાણકર્તાઓને છેલ્લી નોટીસ આપીને ચોમાસુ પૂર્ણ થયા બાદ આ જગ્યા ખાલી કરવા જણાવી દેવામાં આવ્યું છે. હાલ પુરતી દબાણ હટાવી દેવાની કામગીરી મૌકુફ રખાશે.

આ અંગે હિંમતનગર પાલિકાની ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી હાથમતી કેનાલ પરની કેટલીક જમીનની માલિકી નગરપાલિકાની છે. પરંતુ અહી વર્ષોથી અનેક પરીવારો કોઈપણ જાતના આધારે પુરાવા વગર પાકા મકાનો બનાવીને રહેઠાણ બનાવી દીધા છે જેમાં કહેવાતા આ ગરીબ પરીવારો પાસે રાજ રજવાડા વખતના કેટલાક પુરાવા હોવાના દાવા કરાયા છે. પરંતુ હકિકતમાં પાલિકાએ કરેલી તપાસ બાદ કોઈ સત્તાવાર નોંધણી થઈ હોવાનુ ન જણાતા આ જગ્યા પર ગરીબ પરીવારો માટે રેનબસેરા બનાવવાનું આયોજન કરાયું છે.

જેના માટે નગરપાલિકાએ થોડાક સમય અગાઉ કેનાલ પટ્ટી પરનુ એક ગેરકાયદે મકાન તોડી પાડ્યુ હતુ તેમ છતાં રેનબસેરા બનાવવા હાલના તબક્કે વધુ જમીનની જરૂર હોવાથી મંગળવારે પોલીસ બંદોબસ્ત સાથે વધુ એક મકાન જમીનદોસ્ત કરી દેવામાં આવ્યુ હતુ. જેના લીધે અહી તથા આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોએ નગરપાલિકાની આ કામગીરીથી નારાજ થઈને રોષ વ્યક્ત કર્યો હતો. જોકે નગરપાલિકાને અગાઉથી જ આ દબાણો દુર કરતી વખતે કોઈ વિક્ષેપ ઉભો ન થાય તે માટે જિલ્લા પોલીસવડા પાસેથી બંદોબસ્તની માંગણી કરી લીધી હતી અને તે આધારે પાલિકાએ અગાઉ નોટીસ આપ્યાના સમય પૂર્ણ થયા બાદ દબાણ દુર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

જેના માટે પાલિકાએ એક પીએસઆઈ, ૧૫ પોલીસ અને પાંચ મહિલા કોન્સ્ટેબલને ફરજ પર તહેનાત કરાવી દીધા હતા. જો કે હાલના તબક્કે નગરપાલિકાએ બે દબાણો દુર કરીને પ્રાથમિક તબક્કે રેનબસેરા બનાવવા માટેની જગ્યા ખુલ્લી કરી દીધી છે. પાલિકાના સૂત્રોના જણાવાયા મુજબ અહી અંદાજે ૨૦ થી વધુ ગેરકાયદે મકાનોમાં અનેક પરીવારો વસવાટ કરી રહ્યા છે પરંતુ તેમને પાલિકા દ્વારા આખરી નોટીસ આપીને મકાનો ખાલી કરી દેવા તાકીદ કરવામાં આવી છે. તેમ છતાં નોટીસની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ નગરપાલિકા જાતે આ દબાણો દૂર કરી દેશે.

રેનબસેરામાં ૧૫૦ લોકો રહી શકશે

કેનાલ પટ્ટી પર નવા બંધાનાર સુચિત અદ્યતન રેનબસેરામાં અંદાજે ૧૫૦ ઘર વિહોણા તથા ગરીબ લોકો રહી શકે તેવુ આયોજન બદ્ધ બાંધકામ કરાશે અને તેમના માટે સૌચાલય, બગીચો તથા પાણી અને વીજળીની તમામ વ્યવસ્થા સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવાશે.